**સરકારી કર્મચારીઓ માટે ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવાની યોજના.**

**ગુજરાત સરકાર**
**નાણા વિભાગ**

ઠરાવ ક્રમાંક :પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૨જી, જુલાઇ, ૨૦૦૭

વંચાણે લીધા :-

૧. નાણા વિભાગના ઠરાવ ક્ર:પગર/૧૧૯૪/૪૪/મ તા.૧૬/૮/૯૪
૨. નાણા વિભાગના ઠરાવ ક્ર:પગર/૧૦૯૮/૪૧/મ, તા.૧૪/૮/૯૮.
૩. નાણા વિભાગના ઠરાવ ક્ર:પગર/૧૧૨૦૦૨/૭૫/મ, તા.૧/૫/૨૦૦૨
૪. નાણા વિભાગના ઠરાવ ક્ર:પગર/૧૧૨૦૦૪/૮૨/મ, તા.૧/૪/૨૦૦૪.
૫. નાણા વિભાગના ઠરાવ ક્ર:પગર/૧૦૨૦૦૪/૮૩/મ, તા.૫/૪/૨૦૦૪.
૬. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્ર:એસઅનઆર/ ૧૦૨૦૦૪/ ચુઓ-૨૦૧૪/ગ.૨, તા.૧૫/૭/૨૦૦૪.
૭. નાણા વિભાગના ઠરાવ ક્ર:નપન/૨૦03/જીઆંઆઇ-૧૦/પી, તા.૧૮/૩/૨૦૦૫.
૮. નાણા વિભાગના ઠરાવ ક્ર:પગર/૧૦૨૦૦૫/૯૦/મ તા.૩૧/૩/૨૦૦૫.
૯. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્ર:ખતપ/૧૦૦૪/૧૪૭૩/ક, તા.૧૭/૨/૨૦૦૬.
૧૦. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/ ૧૦૨૦૦૪/૧૬૧૯/ગ.૨, તા. ૨૩/૦૫/૨૦૦૬

**આમુખ :-**

સરકારી કર્મચારીઓ માટે બઢતીનો અભાવ /મર્યાદિત તકોનો પ્રશ્ન હલ કરવા માટે નાણા વિભાગના તા.૧૬/૮/૯૪ ના ઠરાવ ક્રમાંક:પગર/૧૧૯૪/૪૪/મ હેઠળ સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણની યોજના દાખલ કરવામાં આવેલ છે. રાજય સરકારના વિવિધ મંડળો દ્વારા આ યોજનાને સ્થાને ૧૨ અને ૨૪ વર્ષે ઉંચું પગાર ધોરણ આપવાની યોજના લાગુ પાડવા અંગે રજુઆત કરવામાં

આવેલ. આ રજુઆતને ધ્યાને રાખીને ઉચ્ચતર પગાર ધોરણની હયાત યોજનાની સમીક્ષા કરી તેને સ્થાને ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવાની નવી યોજના દાખલ કરવાની બાબતે રાજ્ય સરકાર દ્વારા વિચારણા કરવામાં આવેલ છે.

**ઠરાવ :-**

રાજ્ય સરકારના કર્મચારીઓને હાલની નાણા વિભાગના તા.૧૬/૮/૯૪ ના ઠરાવ ક્રમાંક:પગર/૧૧૯૪/૪૪/મ અન્વયે લાગુ પડતી ૯, ૧૮ અને ૨૭ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણની યોજનાના સ્થાને ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવા અંગેની યોજના દાખલ કરવાનું રાજ્ય સરકાર દ્વારા આથી ઠરાવવામાં આવે છે.

આ યોજના નીચેની શરતો અને જોગવાઇઓને આધીન રહેશે.

૧. **યોજના કોને લાગુ પડશે :**

(૧) આ યોજના જે જગ્યાનો પગાર અથવા પગાર ધોરણનો મહત્તમ તબક્કો રૂ.૧૦,૫૦૦ કરતા વધતો ન હોય તેવી જગ્યાઓને લાગુ પડશે.

(૨) આ યોજના રાજ્ય સરકારના કર્મચારીઓ, પંચાયતના કર્મચારીઓ, સહાયક અનુદાન મેળવતી બિનસરકારી શાળા/કોલેજના બિનશૈક્ષણિક કર્મચારીઓ કે જેઓના સામાન્ય ભવિષ્ય નિધિના હિસાબો તા.૫/૭/૯૧ના રોજ રાજ્ય સરકાર હસ્તક હતા તેવા કર્મચારીઓને લાગુ પડશે.

તે ઉપરાંત આવા ઉપર જણાવેલા કર્મચારીઓ, કે જેઓને નાણા વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્ર:નપન/૨૦૦૩/૧૦/પી થી અમલમાં આવેલ વર્ધિત પેન્શન યોજના લાગુ પડે છે તેઓને ઉચ્ચતર પગાર ધોરણની આ યોજના લાગુ પડશે.

(૩) આ યોજનાનો લાભ પંચાયત કર્મચારીઓ અને પંચાયતમાં પ્રતિનિયુક્તિ ઉપર અથવા તબદીલ થઇને આવેલા કર્મચારીઓને યોગ્ય ફેરફાર સાથે આપવામાં આવશે. આ હુકમોને કારણે થનાર ખર્ચ, સહાયક અનુદાનની ગણતરીના નિયત ધોરણો મુજબ માન્ય ખર્ચ તરીકે ગણાશે.

(૪) આ યોજના કામ પૂરતા મહેકમ પરના કર્મચારીઓ (WORKCHARED ESTABLISHMENT) ને લાગુ નહિ પડે.

૨. **૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા માટેના ધોરણો :**

(૧) માન્ય પધ્ધતિ દ્વારા ભરતી કરવામાં આવેલ હોય તેવી અને પ્રવરતાના હેતુ માટે ગણતરીમાં

લેવાતી નિયમિત અને એક જ સંવર્ગ, એક જ પગાર ધોરણમાં કરેલી સેવા આ યોજના હેઠળ ઉચ્ચત્તર પગાર ધોરણ આપવાના હેતુ માટે ગણતરીમાં લેવામાં આવશે.

(૨) જે કર્મચારી એક જ સંવર્ગ અને એક જ પગાર ધોરણમાં આ હુકમોની રવાનગીની તારીખના રોજ કે ત્યાર બાદ નિયમિત સેવાના ૧૨ વર્ષ પૂરા કરે અને ૧૨ ઇજાફા મેળવે તેને પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાનું રહેશે.

**પરંતુ**,૧૨ વર્ષે પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરતી વખતે કર્મચારીને એક કરતા વધુ બઢતી મળેલી હોવી <u>ન</u> જોઇએ.

(૩) બીજું ૨૪મા વર્ષનું ઉચ્ચત્તર પગાર ધોરણ પહેલુ ઉચ્ચત્તર પગાર ધોરણ મળ્યાની તારીખથી બીજા ૧૨ વર્ષે મળવાપાત્ર થશે.

**પરંતુ**,તે અગાઉ કર્મચારીએ એક કરતા વધુ બઢતી / ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવેલ હોવા જોઇએ **નહીં.**

(૪)(અ) આ હુકમોની તારીખ પહેલા ૯ વર્ષની સેવા પૂર્ણ કરેલ કર્મચારીઓને નાણા વિભાગના તા.૧૬/૮/૯૪ના ઠરાવ ક્રમાંક:પગર/૧૧૯૪/૪૪/મ અન્વયે ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થશે.

(બ) નાણા વિભાગના તા.૧૬/૮/૯૪ તેમજ તા.૧/૪/૨૦૦૪ના ઠરાવ ક્રમાંક:પગર/ ૧૧૨૦૦૪/૮૨/મના ઠરાવની જોગવાઇઓ મુજબ જે કર્મચારીને ૯ વર્ષે પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળી ગયેલ હશે તેને આ ઠરાવ હેઠળ બીજું ઉચ્ચત્તર પગાર ધોરણ ૯ વર્ષે મળેલ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણની તારીખના ૧૫ વર્ષ બાદ એટલે કે ૨૪ વર્ષે મળવાપાત્ર થશે.

(ક) આ હુકમોની રવાનગીના રોજ અને ત્યાર બાદથી ૯ વર્ષની સેવા પૂર્ણ કરનાર કર્મચારીઓને આ હુકમોની જોગવાઇઓ હેઠળ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ ૧૨ વર્ષે મળવાપાત્ર થશે. આ બાબતે વિકલ્પ આપવાની કોઇ જોગવાઇ કરવામાં આવતી નથી.

(૫) તૂટક તૂટક બઢતીના કિસ્સામાં આવી બઢતીનો સમયગાળો જો ઇજાફાના હેતુ માટે ગણતરીમાં લેવાતો હોય તો ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા માટે નીચલા સંવર્ગની સેવા માટે ધ્યાનમાં લેવાશે; પરંતુ ઉપલા સંવર્ગમાં ઉચ્ચત્તર પગાર ધોરણની ગણતરી માટે આવી સેવા ધ્યાનમાં લેવાશે નહીં.

(૬) બઢતીના હેતુ માટેની ખાતાકીય પરીક્ષા કર્મચારી પોતાના સંવર્ગમાં ૧૨ વર્ષ પૂરા કર્યા બાદ પાસ કરે તે કિસ્સામાં આવી પરીક્ષા પાસ કર્યાની તારીખે પાત્રતાના આધારે ઉચ્ચત્તર પગાર ધોરણ

મંજુર કરવાનું રહેશે.

(૭) બિનપગારી રજાનો સમય ઇજાફા પાત્ર ગણાતો ન હોવાથી ઉચ્ચતર પગાર ધોરણ માટે ગણતરીમાં લઇ શકાશે નહીં.

(૮) અગ્રીમ ઇજાફા અને ખાસ ઇજાફાને ૧૨ વર્ષની ગણતરી માટે ધ્યાનમાં લેવાશે નહીં.

(૯) એક જ સંવર્ગમાં એક જ ખાતામાં જગ્યાનું નામાભિધાન અલગ હોય તેવી સેવા ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતા માટે ગણતરીમાં લઇ શકાશે, પરંતુ પગાર ધોરણ સમાન હોવા છતાં સંવર્ગ બદલાયેલ હોય તેવી અગાઉની સેવાને ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતા માટે ગણતરીમાં લઇ શકાશે નહીં.

(૧૦) અનુમાનિત તારીખ (DEEMED DATE) આ યોજના હેઠળ ૧૨ અને ૨૪ વર્ષની ગણતરી માટે ધ્યાનમાં લઇ શકાશે. જ્યારે પુર્નનિર્ધારિત તારીખ (RE-ADJUSTMENT DATE) આ માટે ગણતરીમાં લઇ શકાશે નહીં.

(૧૧) ખાતા/કચેરીઓમાં જગ્યાઓ બંધ થવાથી ફાજલ (SURPLUS) થયેલ કર્મચારીની અગાઉના ખાતા/કચેરીની સેવા ધ્યાનમાં લેવાશે નહીં.

(૧૨) **(અ)** ઉચ્ચતર પગાર ધોરણવાળી જગ્યા ઉપર નિમણૂંક કરનાર સત્તાધિકારી, પાત્ર કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા સક્ષમ ગણાશે. **(બ)** કર્મચારી તેની એકંદર કામગીરી, લાયકાતો અને નિયત થયેલ પરીક્ષાઓ પાસ કર્યેથી બઢતી મેળવવા પાત્ર હોવો જોઇએ. **(ક)** ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરતી વખતે પ્રવર્તમાન તપાસ પ્રક્રિયા/પસંદગી કાર્યપધ્ધતિ લાગુ પડશે. **(ડ)** ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરતી વખતે છેલ્લા પાંચ વર્ષના ખાનગી અહેવાલ જોવાના રહેશે.

(૧૩) કર્મચારી ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતાની તારીખે ફરજમોકુફી હેઠળ હોય અથવા તેને શિસ્ત અને અપીલના નિયમોના નિયમ-૯ અથવા નિયમ-૧૦ હેઠળ આક્ષેપપત્રક આપવામાં આવેલ હોય તો ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરી શકાશે નહિ. ભવિષ્યની અસર સાથે કે અસર સિવાય ઇજાફો અટકાવવામાં આવેલ હોય તો ૧૨ ઇજાફા પૂર્ણ થયે ઉચ્ચતર પગાર ધોરણ પાત્રતાના આધારે મંજુર કરી શકાશે. ખાતાકીય તપાસ, ફરજમોકુફી તેમજ ફોજદારી કેસોમાં ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા માટે નાણા વિભાગના તા.૩૧/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૦૫/૯૦/મ માં દર્શાવ્યા મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૧૪) આ યોજના હેઠળ મળવાપાત્ર ઉંચામાં ઉંચું પગાર ધોરણ રૂ.૮૫૦૦-૧૪૦૦૦ ના પગાર ધોરણથી વધશે નહિ. રૂ.૬૫૦૦-૧૦૫૦૦ના પગાર ધોરણવાળી જગ્યાઓ જેનું બઢતીની જગ્યાનું પગાર ધોરણ રૂ.૮૦૦૦-૧૪૦૫૦ અથવા રૂ.૮૦૦૦-૧૩૫૦૦નું હોય તો ઉચ્ચતર પગાર ધોરણ યથાપ્રસંગ રૂ.૮૦૦૦-૧૪૦૫૦ અથવા રૂ.૮૦૦૦-૧૩૫૦૦ રહેશે. રૂ.૬૫૦૦-૧૦૫૦૦ના પગાર ધોરણવાળી જગ્યાઓના કેસમાં જો કોઇ બઢતીની જગ્યા ન હોય તો રૂ.૮૦૦૦-૧૩૫૦૦ના પગાર ધોરણને ઉચ્ચતર પગાર ધોરણ ગણવાનું રહેશે.

(૧૫) એકાકી સંવર્ગમાં ઉચ્ચતર પગાર ધોરણ બાબતે નાણા વિભાગના તા.૫/૪/૨૦૦૭ના ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૦૪/૮૩/મ માં કરાયેલ જોગવાઇ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

(૧૬) જે જગ્યા એકાકી હોય અને આ ઠરાવ સાથેની અનુસૂચિ-૧ મુજબ ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થાય છે તેમના કિસ્સામાં બઢતીની જગ્યા તા.૧/૬/૮૭ પછી અમલમાં આવી હોય તો આવી બધી જગ્યાઓને અનુસૂચિ-૧ મુજબનું જ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું થશે અને ખરેખર બઢતીની તારીખથી જ બઢતીની જગ્યાનું પગાર ધોરણ મળવાપાત્ર થશે.

(૧૭) જે જગ્યાના બઢતીના માળખામાં તા.૧/૬/૮૭ પછી ફેરફાર કરવામાં આવેલો હોય તેવા કિસ્સામાં ફેરફાર પહેલા બઢતીની જે જગ્યાનું પગાર ધોરણ મળતું હતું તે ઉચ્ચતર પગાર ધોરણ તરીકે ચાલુ રહેશે. ફેરફાર પછીની બઢતીની જગ્યાનું પગાર ધોરણ કર્મચારીને જયારે ખરેખર બઢતી મળે ત્યારે જ મળશે.

(૧૮) સીધી ભરતીથી જોડાયેલ કર્મચારી જુની સેવામાં પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મેળવીને નવી સેવામાં આવે તે કિસ્સામાં નાણા વિભાગના તા.૧/૫/૨૦૦૨ના ઠરાવ ક્ર:પગર/ ૧૧૨૦૦૨/૭૫/મ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૧૯) સામાન્ય વહીવટ વિભાગના તારીખ:૨૩/૦૫/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/ ૧૦૨૦૦૪/૧૬૧૯/ગ.૨ બાદ વર્ગ-૪ના સંવર્ગમાં જે કર્મચારીઓની ભરતી થાય, ત્યાર બાદ તેઓનું નિયમિત પગાર ધોરણ રૂ.૨૫૫૦-૩૨૦૦ થયા બાદ તેઓને પાત્રતા અનુસાર ૧૨ વર્ષના અંતે પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રૂ.૨૬૧૦-૩૫૪૦નું મળશે. બીજું ૨૪મા વર્ષનું ઉચ્ચતર પગાર ધોરણ પહેલુ ઉચ્ચતર પગાર ધોરણ મળ્યાની તારીખથી ૧૨ વર્ષ બાદ, રૂ.૨૬૫૦-૪૦૦૦નું પગાર ધોરણ મળવાપાત્ર થશે.

વર્ગ-૪નું આ ઉચ્ચત્તર પગાર ધોરણ આ ઉચ્ચતર પગાર ધોરણની યોજનાના ફકરા-૩(૧)ની જોગવાઇમાં અપવાદ ગણાશે.

સામાન્ય વહીવટ વિભાગના તારીખ: ૨૩/૦૫/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૨૦૦૪/૧૬૧૯/ગ.૨, પહેલા નિમાયેલા જુના વર્ગ-૪ ના કર્મચારીઓને આ હુકમોના ફકરા-૨(૪)(અ)(બ)(ક)ની જોગવાઇઓ અનુસાર પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે રૂા.૨૬૧૦-૩૫૪૦ અને દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણ તરીકે રૂા.૨૬૫૦-૪૦૦૦ મળવાપાત્ર થશે.

**૩. સામાન્ય**

(૧) ઉચ્ચત્તર પગાર ધોરણ એટલે કે તરત પછીની બઢતીની જગ્યાનું પગાર ધોરણ; પરંતુ આવી બઢતીની જગ્યા જુદા જુદા પગાર ધોરણની એકથી વધુ પ્રકારની હોય તો તેની પૂરક (ફીડર કેડર) જગ્યા ઉપરના કર્મચારીઓ માટે તેમને મળવાપાત્ર ઉચ્ચત્તર પગાર ધોરણનો પગાર, આવી વિવિધ બઢતીની જગ્યાઓ પૈકીની સૌથી નીચલું પગાર ધોરણ ધરાવતી જગ્યાનો પગાર ગણાશે.

પરંતુ, બઢતીનું કોઇ પગાર ધોરણ ન હોય એવા કેસમાં કર્મચારીના હાલના પગાર ધોરણને મળતું આવતું આ ઠરાવ સાથે જોડેલ અનુસૂચિ-૧ માં નિર્દિષ્ટ કર્યા મુજબનું પગાર ધોરણ ઉચ્ચત્તર પગાર ધોરણ તરીકે મળવાપાત્ર થશે.

વિશેષમાં, જુદા જુદા પગાર ધોરણવાળા પૂરક સંવર્ગોવાળી જગ્યાઓના કેસમાં, તે જગ્યાઓના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરતી વખતે બઢતીના પગાર ધોરણને બદલે, કર્મચારીના પ્રવર્તમાન પગાર ધોરણ સાથે મળતું આવતું આ ઠરાવ સાથે જોડેલ અનુસૂચિ-૧ માં નિર્દિષ્ટ કર્યા મુજબનું પગાર ધોરણ ઉચ્ચત્તર પગાર ધોરણ તરીકે મળવાપાત્ર થશે.

(૨) આ યોજના હેઠળ ઉચ્ચત્તર પગાર ધોરણમાં પગાર બાંધણી થાય ત્યાર પછીનો ઇજાફો ૧૨ માસ પૂર્ણ થયે મળવાપાત્ર થશે.

(૩) ઉચ્ચત્તર પગાર ધોરણની યોજના હેઠળ ચૂકવવાપાત્ર રકમની ચૂકવણી કરતા પહેલા સંબંધિત કર્મચારી પાસેથી આ ઠરાવ સાથેની અનુસૂચિ-૩ મુજબનું બાંહેધરી ખત ખાતા/કચેરીના વડાએ મેળવવાનું રહેશે.

(૪) આ યોજના હેઠળ ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ મેળવનાર દરેક કર્મચારીએ આ ઠરાવ સાથેની અનુસૂચિ-૨ અનુસાર લેખિત બાંહેધરી આપવાની રહેશે કે જ્યારે તેને બઢતી મળશે ત્યારે

તેનો તે અસ્વીકાર કરશે નહીં. આ યોજનાનો હાર્દ બઢતીના અભાવ/મર્યાદિત તકો સંદર્ભે લાભ આપવાનો હોઇ બઢતીનો અસ્વીકાર કરનારને તેનો લાભ આપી શકાય નહં.

ઉચ્ચતર પગાર ધોરણ મેળવનાર કર્મચારી બઢતી મળવાના પ્રસંગે કોઇપણ કારણસર બઢતીનો અસ્વીકાર કરશે, તો આ યોજના હેઠળ મેળવેલ લાભ તેણે જતો કરવો પડશે અને તેને તેના મૂળ નીચલા પગાર ધોરણમાં પાછા હઠાવવામાં આવશે તેમજ તેને આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળેલ ન હોત તો મૂળ નીચલા પગાર ધોરણમાં જે પગાર મળતો હોત તે પગાર તે મેળવશે.

આમ છતાં, મૂળ પગાર ધોરણમાં પાછા હઠાવવાના કારણે કર્મચારીએ જેટલા સમય ગાળા માટે ઉચ્ચતર પગાર ધોરણમાં પગાર અને ભથ્થા મેળવ્યા હોય તે રકમની વસુલાત કરવાની રહેશે નહીં.

(૫) ઉચ્ચતર પગાર ધોરણ મંજુર થતા કચેરીમાં મંજુર થયેલ જગ્યાના સંખ્યાબળમાં વધારો કરી શકાશે નહીં.

(૬) આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણમાં નિમણુંક થયેથી કર્મચારીની પગાર બાંધણી બઢતી વખતે કરવામાં આવે છે તે જ રીતે ગુજરાત રાજય મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ના નિયમ-૧૧(૧) અનુસાર કરવાની રહેશે.

ગુજરાત રાજય મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ના નિયમ-૧૨ની જોગવાઇ હેઠળ વિકલ્પ આપી શકાશે અને વિકલ્પની તારીખથી ઉચ્ચતર પગાર ધોરણ પાત્રતાના ધોરણે મળવાપાત્ર થશે.

(૭) ઉચ્ચતર પગાર ધોરણ મેળવ્યા પછી કર્મચારી બઢતી મેળવે તો તે પુનઃ ગુજરાત રાજય મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૧૧(૧) અનુસાર પગાર બાંધણીનો લાભ મેળવી શકશે નહિ.

પરંતુ, બઢતીની જગ્યાનું પગાર ધોરણ ઉચ્ચતર પગાર ધોરણ કરતા ઉંચું હોય તેવા કિસ્સામાં પગાર બાંધણી ગુજરાત રાજય મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ના નિયમ-૧૧(૧) અનુસાર કરવાની રહેશે.

(૮) આ યોજના હેઠળ નક્કી થયેલ પગાર બાંધણીની ચકાસણી સંબંધકર્તા ઓડીટ તંત્ર દ્વારા કરાવવાની થશે; એટલે કે,

* પગાર અને હિસાબી કચેરી મારફતે પગાર મેળવતા કર્મચારીઓના કિસ્સામાં પગાર અને હિસાબી કચેરી દ્વારા આખરી થશે.
* જીલ્લા કક્ષાએ સ્થાનિક ભંડોળ હિસાબ કચેરી દ્વારા ચકાસણી કરવાની થશે.
* અનુદાન મેળવતી સંસ્થાના કિસ્સામાં પગાર બાંધણીની ચકાસણી સ્થાનિક ભંડોળ હિસાબ કચેરી દ્વારા થશે.

(૯) કર્મચારી એક જીલ્લા/ખાતામાંથી બીજા જીલ્લા/ખાતામાં સ્વવિનંતીની બદલીથી જાય ત્યારે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૭/૨૦૦૪ના ઠરાવની જોગવાઇ ધ્યાનમાં લેવાની રહેશે.

(૧૦) આ ઠરાવની રવાનગીની તારીખ પહેલા ઉચ્ચત્તર પગાર ધોરણના પૂર્ણ થયેલ. કેસો પુનઃ ઉખેળવાના રહેશે નહીં.

(૧૧) આ ઠરાવના અર્થઘટનના પ્રસંગે નાણા વિભાગનો પૂર્વ પરામર્શ કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( શ્રીદેવી શુકલ )
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, ગુજરાત ભવન,ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવાલયના સર્વે વિભાગો/સર્વે ખાતાના વડાઓ/ કચેરીઓના વડાઓ.
- એકાઉન્ટન્ટ જનરલ-૧ (ઓડીટ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.

એકાઉન્ટન્ટ જનરલ-૨ (એ. એન્ડ ઇ.) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ / સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ / સર્વે જીલ્લા વિકાસ અધિકારીરીઓ
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીશ્રીઓ
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.
સર્વે યુનિવર્સિટી/બોર્ડ/નિગમ/રાજય સરકારના જાહેર સાહસો.
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ / સર્વે જીલ્લા વિકાસ અધિકારીરીઓ
પગાર અને હિસાબી અધિકારી, સ.સ.ન.નિ.લિ. ગાંધીનગર / વડોદરા
નિવાસી તપાસણી અધિકારી, અમદાવાદ /ગાંધીનગર.
નાણા વિભાગના સર્વે અધિકારીઓ/ શાખાઓ.
સર્વે માન્ય મંડળો.
સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ. . વેબસાઇટ ઉપર મૂકવા સારૂ.
સિલેકટ ફાઇલ, મ-શાખા.

- - - - - - - - - -

o પત્ર દ્વારા.

## અનુસૂચિ-૧

[જુઓ યોજનાના ફકરા-૩(૧) અને ૨(૧૬)]

| ક્રમ | હાલનું પગાર ધોરણ (રૂપિયા) | ઉચ્ચતર પગાર ધોરણ (રૂપિયા |
|---|---|---|
| ૧ | ૨૫૫૦-૩૨૦૦ | ૨૬૧૦-૩૫૪૦ |
| ૨ | ૨૬૧૦-૩૫૪૦ | ૨૬૫૦-૪૦૦૦ |
| ૩ | ૨૬૫૦-૪૦૦૦ | ૩૦૫૦-૪૫૯૦ |
| ૪ | ૨૭૫૦-૪૪૦૦ | ૩૨૦૦-૪૯૦૦ |
| ૫ | ૩૦૫૦-૪૫૯૦ | ૪૦૦૦-૬૦૦૦ |
| ૬ | ૩૨૦૦-૪૯૦૦ | ૪૦૦૦-૬૦૦૦ |
| ૭ | ૪૦૦૦-૬૦૦૦ | ૪૫૦૦-૭૦૦૦ |
| ૮ | ૪૫૦૦-૭૦૦૦ | ૫૦૦૦-૮૦૦૦ |
| ૯ | ૫૦૦૦-૮૦૦૦ | ૫૫૦૦-૯૦૦૦ |
| ૧૦ | ૫૫૦૦-૯૦૦૦ | ૬૫૦૦-૧૦૫૦૦ |
| ૧૧ | ૬૫૦૦-૧૦૫૦૦ | ૮૦૦૦-૧૩૫૦૦ |

## અનુસૂચિ-૨

બાંહેધરીનુ ફોર્મ

[ જુઓ યોજનાનો ફકરો- ૩(૪) ]

પ્રતિ

.....................

..............................

..............................

હું ........................... કચેરીમાં ............ ખાતે ............. તરીકે નોકરી કરૂં છું.

મેં નાણા વિભાગના તા.૨/૭/૨૦૦૭ ના ઠરાવ ક્ર:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ અન્વયે "૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણની યોજના" ની જોગવાઇ વાંચી છે અને આથી હું તેમાં જણાવેલી શરતો સાથે સંમત થાઉ છું. વધુમાં આથી બાંહેધરી આપું છું કે, મને જેમ અને જયારે બઢતી મળવાપાત્ર થશે ત્યારે તેનો અસ્વીકાર કરીશ નહીં. મને જયારે બઢતી મળવાપાત્ર થાય ત્યારે કોઇ કારણસર તેનો અસ્વીકાર કરૂં તો હું "૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણની યોજના" હેઠળ મળતા લાભ જતા કરીશ અને મૂળ નીચલા પગાર ધોરણનો સ્વીકાર કરીશ તેમજ મને "૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણની યોજના" નો લાભ મળ્યો ન હોત તો મને મૂળ નીચલા પગાર ધોરણમાં જે પગાર મળતો હોત તે પગાર ધોરણ મળવાપાત્ર થશે.

સ્થળ :- ..........

તારીખ :- .........

કર્મચારીની સહી ..........

કર્મચારીનું નામ :

કર્મચારીનો હોદ્દો :

કચેરી :

**ખાસ નોંધ :-** આ ફોર્મ માં કોઇપણ ઉમેરો, ફેરફાર, ફેરબદલી કે રદ કરવાની કામગીરી કરી શકાશે નહીં.

## અનુસૂચિ-૩

### બાંહેધરી ખત

[જુઓ યોજનાનો ફકરા- ૩(૩)]

આથી હું કબૂલ કરું છું કે નાણા વિભાગના તા.૨/૭/૨૦૦૭ના ઠરાવ ક્રઃપગર/૧૦૨૦૦૭/૬૧૫/મ અન્વયે "૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણની યોજના" હેઠળની પગાર બાંધણીથી મને ચૂકવવામાં આવેલ વધારાની રકમ સરકારમાં ચાલતી આવેલ પધ્ધતિ પ્રમાણે રાબેતા મુજબ વસુલ કરવાની રહેશે.

સ્થળ :- . . . . . . . . .

તારીખ :- . . . . . . . . .

કર્મચારીની સહી . . . . . . . . . .

કર્મચારીનું નામ :

કર્મચારીનો હોદ્દો :

કચેરી :

ખાસ નોંધ :- આ ફોર્મ માં કોઇપણ ઉમેરો, ફેરફાર, ફેરબદલી કે રદ કરવાની કામગીરી કરી શકાશે નહીં.